RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 199 * Date: 10.05.2025,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# ભારત-પાકિસ્તાન તણાવઃ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોને જરૂર પડે ઈમરજન્સી પાવરનો ઉપયોગ કરવા ગૃહ મંત્રાલયે આપી સત્તા




કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જરૂરિયાત સમયે કટોકટીની સત્તાનો ઉપયોગ કરવાના નિર્દેશ કર્યા છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને વહીવટકર્તાઓને પત્ર લખી સિવિલ ડિફેન્સ રૂલ્સ હેઠળ સાવચેતીના જરૂરી પગલાંના અસરકારક અમલ માટે ઈમરજન્સી પાવર (કટોકટીની સત્તા)નો ઉપયોગ કરવાનો નિર્દેશ કર્યો છે. ઓપરેશન સિંદૂર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. આ સ્થિતિમાં બનાસકાંઠા, પાટણ, કચ્છ સહિતના સરહદી વિસ્તારોમાં પણ એલર્ટ જાહેર કરાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી સરહદી જિલ્લામાં સુરક્ષાની સમીક્ષા કરી હતી.

ભારતના ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન મોર્ટાર અને આર્ટિલરી ગનની મદદથી સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહ્યું છે. તેમજ મોડી રાત્રે ડ્રોન અને મિસાઈલો વડે સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યું છે. જો કે, ભારતીય સેના તેનો જડબાતોડ જવાબ આપ્યો છે. પાકિસ્તાનના તમામ ડ્રોન અને મિસાઈલ હુમલાને નિષ્ફળ બનાવ્યા છે.ગૃહ મંત્રાલયે આજે સવારે ભારત-પાકિસ્તાન વચ્ચે સંઘર્ષની સ્થિતિમાં સોશિયલ મીડિયા અને અમુક મીડિયા પ્રકાશનો દ્વારા ફેલાવાઈ રહેલા ખોટા અહેવાલો અને અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરી હતી. જૂની તસવીરો અને હુમલાની મદદથી ફેક ન્યૂઝ વાઈરલ થઈ રહ્યા છે, જેના પર વિશ્વાસ કરતા પહેલા ફેક્ટ ચેક કરવાની પણ અપીલ કરી છે.

## ગુજરાતમાં ૧૫ મે સુધી ડ્રોન-આતશબાજી પર પ્રતિબંધ, માઉન્ટ આબુમાં બ્લેક આઉટ માટે દિશા-નિર્દેશ જાહેર

ઓપરેશન સિંદૂર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષની સ્થિતિ સર્જાઇ છે, ત્યારે ગુજરાત સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા આગામી ૧૫ મે સુધી કોઈપણ કાર્યક્રમમાં ડ્રોન ઉડાડવા અને ફટાકડાં ફોડવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. સરકારે ગાઇડલાઇનનું પાલન કરવા અને સહકાર આપવા અપીલ કરી છે. ભારત અને પાકિસ્તાન ચાલી રહેલા તણાવની સ્થિતિને જોતાં બનાસકાંઠા,પાટણ સહિતના સરહદી વિસ્તારોમાં પણ એલર્ટ જાહેર કરાયું છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારા ૧૫ મે સુધી કોઈપણ કાર્યક્રમ કે આયોજનમાં ફટાકડા કે ડ્રોનને મંજૂરી આપવામાં આવશે નહી. તો બીજી તરફ રાજસ્થાનના જેસલમેર સહિતના ઘણા સરહદી વિસ્તારોમાં આગામી ૧૫મી મે સુધી લગ્ન પ્રસંગ સહિતના કાર્યક્રમમાં ડ્રોન ઉડાડવા અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત માઉન્ટ આબુમાં આગામી ૯ અને ૧૦ મે દરમિયાન રાત્રે ૭ થી ૮ દરમિયાન બ્લેક આઉટ માટે દિશા નિર્દેશ જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાત સહિતના અન્ય રાજ્યમાંથી આવેલા પ્રવાસીઓને રાત્રિના ૭ વાગ્યા પહેલાં પોતાના હોટલમાં પરત ફરવા અને લાઇટો બંધ રાખવા અપીલ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોનિક વાતચીત કરી



સરહદી જિલ્લામાં સુરક્ષાની સમીક્ષા કરી હતી. આ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મારી સાથે ટેલિફોનિક વાતચીત કરીને સરહદ પર સર્જાયેલી પ્રવર્તમાન તણાવની સ્થિતિમાં ગુજરાતની સરહદી રાજ્ય તરીકેની સજ્જતા તથા રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા આગોતરા આયોજનની વિગતો મેળવી હતી અને આ સંદર્ભમાં જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

## સુરતમાં યોજાનારી સાયક્લોથોન મુલતવી રાખવાનો નિર્ણય કરાયો

કાશ્મીરમાં આતંકી હુમલા બાદ ભારતે એર સ્ટ્રાઈક કરી આતંકીઓના અડ્ડાનો સફાયો કર્યા બાદ રઘવાયા પાકિસ્તાને ભારતના સરહદી વિસ્તારોમાં નિષ્ફળ હુમલા શરુ કર્યા છે. પાકિસ્તાન સાથે તણાવ વચ્ચે સુરત પોલીસ પણ એક્શનમાં આવી છે. ત્યારે ૧૧મી મેના રોજ યોજાનારી સાયક્લોથોન કાર્યક્રમ રદ કરવાનો નિર્ણય લીધો છે.આતંકવાદી હુમલા બાદ ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર કરી આતંકીઓનો સફાયો કર્યો છે. પાકિસ્તાન સાથે તણાવ વચ્ચે સુરત પોલીસે શહેરમાં સઘન ચેકિંગ હાથ ધર્યું છે. સુરત પોલીસ કમિશનરે તમામ અધિકારીઓને ફિલ્ડમાં રહેવાનો આદેશ કર્યો છે પોલીસે સઘન ચેકિંગ હાથ ધર્યું છે. ત્યારે ૧૧મી મેના રોજ સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત કાર્યક્રમ અંતર્ગત સુરત પાલિકા સહિત ગુજરાતની ૧૭ મહાનગરપાલિકા અને ૫૩ નગરપાલિકામાં એક સાથે નાઈટ સાયક્લોથોનનું આયોજન કરાયું હતું.જેમાં સુરતમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડથી રાહુલ રાજ મોલ થઈ પરત પોલીસ પરેડ ગ્રાઉન્ડ સુધી ૧૦ કિલોમીટરમાં સાયક્લોથોન માટે મોટા ઉપાડે જાહેરાત કરવામા આવી હતી. પરંતુ પાકિસ્તાન સાથે તણાવને ધ્યાનમાં રાખીને રવિવારે સાંજે યોજાનારી સાયક્લોથોન મુલતવી રાખવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

## પાકિસ્તાન સાથે તણાવ વધતાં ગુજરાતના ૭ સહિત ભારતના ૨૪ એરપોર્ટ બંધ

જમ્મી કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકી હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના મોત થયા હતા. જેના જવાબમાં ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને ૃદ્ધના ૯ આતંકી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી. જ્યારે ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે, ત્યારે ગુરુવારે (૮ મે, ૨૦૨૫) મોડી રાત્રે પાકિસ્તાને જમ્મુ, પઠાણકોટ અને ઉધમપુરમાં સેના સ્ટેશનો પર મિસાઈલ-ડ્રોન વડે હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. જેમાં ભારતીય એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તમામ પાકિસ્તાની મિસાઈલ અને ડ્રોનને આકાશ પર જ તોડી પાડવામાં આવ્યા હતા. તેવામાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયની સૂચના મુજબ, ગુજરાતના ૭ સહિત ભારતના ૨૪ એરપોર્ટ પર આગામી સૂચના સુધી નાગરિક કામગીરી સ્થગિત કરવામાં આવી



છે.

પાકિસ્તાને જમ્મુ, પંજાબ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં અનેક સ્થળોને નિશાન બનાવીને ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા. આ પછી નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા નોટિસ જારી કરવામાં આવી હતી. જેમાં દેશના કુલ એરપોર્ટ પર ર્દ્દછર્સ એટલે કે નોટિસ ટૂ એર મિશન સિસ્ટમ જાહેર કર્યું છે.

જેમાં ગુજરાતના મુન્દ્રા, જામનગર, હિરાસર (રાજકોટ), પોરબંદર, કેશોદ, કંડલા, ભુજ સહિત ચંડીગઢ, શ્રીનગર, અમૃતસર, લુધિયાણા, ભુંટેર, કિશનગઢ, પટિયાલા, શિમલા, કાંગરા-ગગ્ગલ, ભટીંડા, જેસલમેર, જોધપુર, બિકાનેર, હલવારા, પઠાણકોટ, જમ્મુ, લેહ એરપોર્ટ બંધ કરવામાં આવ્યા છે.

## ઓપરેશન સિંદૂર પછી તીવ્ર તંગદિલી : પાકે રાજસ્થાન સરહદ તરફનાં ગામડાં ખાલી કરાવ્યા



ઈસ્લામાબાદ : ભારતનાં ઓપરેશન સિંદૂર જેમાં પાકિસ્તાનના કબ્જા નીચેનાં કાશ્મીરમાં પાંચ અને પાકિસ્તાનના પંજાબમાં રહેલા ૪ આતંકવાદી મથકોનો નાશ થયો. તે પછી પાકિસ્તાન લશ્કરે રાજસ્થાનની સરહદ પાસે આવેલાં તેણે નવાં વસાવેલાં ગામો ચાક-૯૫ એચ-બી અને ચાક-૯૬ એચ.બી.ખાલી કરાવ્યાં છે. આ ઉપરાંત અન્ય ગામોને પણ ખાલી કરવા તાકીદ કરી છે. આ ગામો ગંગાનગર જિલ્લાની સરહદથી બહુ દૂર નથી.આ પૂર્વે પાકિસ્તાન રેન્જર્સે ભારતની સરહદમાં પ્રવેશ કરવા પ્રયત્ન કર્યો હતો. પંરતુ થોડાં જ અંતર સુધી અંદર આવ્યા ત્યાં ભારતનાં બીએસએફે પડકારતાં પાછા ફરી ગયા હતા.રાજસ્થાનના મુખ્ય મંત્રી ભજનલાલ શર્માએ ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી. જેમાં સેનાકીય તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. તેમ જ ઓપરેશન સિંદૂર પછી ઉભી થનારી ગંભીર પરિસ્થિતિ વિષે પણ વિચારણા કરવામાં આવી હતી.આ પૂર્વે પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી ખ્વાજા આસીફે કહ્યું હતું કે ઈસ્લામાબાદ વ્યાપક યુદ્ધ નિવારવા પ્રયત્નો કરી રહ્યું છે. ભશશ ના બેકી એન્ડરસને કનેક્ટ ધ વર્લ્ડ નામક કાર્યક્રમમાં જયારે ખ્વાજા આસીફને પૂછ્યું કે હવે શું થશે ? ત્યારે આસીફે કહ્યું હતું કે પાકિસ્તાન ફૂલ ફ્લેજડ વોર (વ્યાપક યુદ્ધ) માટે પણ તૈયાર છે. તેમાં શંકાને સ્થાન જ નથી કે ભારત તીવ્રતા વધારી રહ્યું છે સંઘર્ષ દાવ ઉપર છે. અમે ઊંઘતા ઝડપાવવા માગતા નથી.

ૃપહેલગાંવ નૃસંશ હત્યાકાંડ પછી ભારતીય વિમાનદળની બે મહીલા પાયલોટે જ પાકિસ્તાનનાં કબ્જા નીચેનાં કાશ્મીર અને ખુદ પાકિસ્તાન સ્થિત, જૈશ એ મોહમ્મદ અને લશ્કર-એ-તૈય્યબાનાં કુલ નવ મથકો તોડી પાડયાં હતાં. મંગળ-બુધવારની રાતે ૧.૦૦ વાગ્યાથી ૧.૨૫ સુધીની ૨૫ મિનિટમાં ૨૪ એર-સ્ટ્રાઇક્સ કરી જ્યાં ભારતીય સરહદથી ૧૦૦ કી.મી. દૂર રહેલા જૈશ એ મોહમ્મદના ચીફ મૌલાના મસૂદ અઝહરનાં ૧૦ કુટુમ્બીજનોનો પણ ખાતમો બોલાવી દીધો હતો, અને કુલ ૯૦ આતંકીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા.

## ગાંધીનગરના રાંધેજા ખાતે મહાકાલી માતાજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગરના રાંધેજા ખાતે મહાકાલી માતાજી મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. ૮-૫-૨૦૨૫ને વૈશાખ સુદ ૧૧ને ગુરૂવારના રોજ ભૂદેવો દ્વારા મંડપ વિધીનું પૂજન, મંડપ પ્રવેશ તથા સ્થાપિત દેવો પૂજન વિધી તથા મહાપૂજા કરવામાં આવી હતી. આ પ્રસંગે બપોરે મૂર્તિ ધાન્યવાસ, ફુલાધિવાસ તથા સાંય પૂજન અને મહા આરતી કરવામાં આવી હતી. શુક્રવારના રોજ મહાકાલી માતાજીની પ્રાતઃ પૂજા બાદ રાંધેજા ગામમાં ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભકતો જોડાયા હતા. બેન્ડવાજા અને ડીજે સાથે નિકળેલી આ ભવ્ય શોભાયાત્રાનું ઠેરઠેર ભકતો દ્વારા



અબીલ ગુલાલથી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. રાંધેજા-રૂપાલ રોડ પર આયોજીત બે દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાઈકોર્ટના વકીલ આશિષકુમાર વ્યાસ તથા તેમના ધર્મપત્નિ જુહીબેન વ્યાસ તથા પંકજભાઈ વ્યાસ તથા પરિવારે ધર્મલાભ લીધો હતો. આ પ્રસંગે સ્વ. વ્યાસ કચરાલાલ મણીલાલ તથા સ્વ. વ્યાસ મગનલાલ તથા સમસ્ત રાયગઢ પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠાવીને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવવામાં આવ્યો હતો.

## ભારત-પાકિસ્તાનના તણાવ વચ્ચે અમદાવાદ અને રાજકોટથી ભૂજ જતી ટ્રેનો રદ

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. આ પરિસ્થિતિ વચ્ચે ગુજરાત, રાજસ્થાન સહિત સમગ્ર દેશના સરહદી વિસ્તારોમાં સુરક્ષાને ધ્યાનમાં રાખી એલર્ટ છે. તણાવપૂર્ણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભૂજ-અમદાવાદ-ભૂજ, ગાંધીધામ-જોધપુર સુપરફાસ્ટ એક્સપ્રેસ અને ભૂજ-રાજકોટ-ભૂજ ટ્રેનો રદ કરવામાં આવી છે.વેસ્ટર્ન રેલવે દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ટ' પર પોસ્ટ કરીને રદ કરવામાં આવેલી ટ્રેનોની માહિતી આપવામાં આવી હતી. જેમાં ભૂજ, ગાંધીનગર, રાજકોટ રૂટની પાંચ ટ્રેનો રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા આગામી ૧૫ મે સુધી કોઇપણ કાર્યક્રમમાં ડ્રોન ઉડાડવા અને ફટાકડાં ફોડવા પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. સરકારે ગાઇડલાઇનનું પાલન કરવા અને સહકાર આપવા અપીલ કરી છે.

તો બીજી તરફ રાજસ્થાનના જેસલમેર સહિતના ઘણા સરહદી વિસ્તારોમાં આગામી ૧૫મી મે સુધી લગ્ન પ્રસંગ સહિતના કાર્યક્રમમાં ડ્રોન ઉડાડવા અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત માઉન્ટ આબુમાં આગામી ૯ અને ૧૦ મે દરમિયાન રાત્રે ૭ થી ૮ દરમિયાન બ્લેક આઉટ માટે દિશા નિર્દેશ જાહેર કરવામાં આવ્યા છે. ગુજરાત સહિતના અન્ય રાજયમાંથી આવેલા પ્રવાસીઓને રાત્રિના ૭ વાગ્યા પહેલાં પોતાના હોટલમાં પરત ફરવા અને લાઈટો બંધ રાખવા અપીલ કરવામાં આવી છે.

**તંત્રી લેખ....**

# ભારત પાસે ઘઉં અને ચોખાનો પૂરતો સ્ટોક :ક્રુડ તેલની પણ સાનુકૂળ સ્થિતિ

ભારત તથા પાકિસ્તાન વચ્ચે હાલની તંગદિલી વણસવાની સ્થિતિમાં ભારત પાસે અનાજપાણી તથા ક્રુડ તેલનો પૂરતી માત્રામાં સ્ટોક હોવાનો સરકારી સુત્રો દ્વારા દાવો કરવામાં આવ્યો છે.ભારત પાસે ઘઉં, ચોખા, ખાંજ, ખાધ્ય તેલનો પૂરતી માત્રામાં બફર સ્ટોક્સ પડેલો છે. ક્રુડ તેલની ઈન્વેન્ટરી પણ સાનુકૂળ સ્તરે છે. ભારત પાસે હાલમાં ૭૫ દિવસ ચાલે એટલુ ક્રુડ તેલ અને પેટ્રોલિયમ પ્રોડકટસ છે. છેલ્લામાં છેલ્લા ડેટા પ્રમાણે ભારત પાસે ઘઉં તથા ચોખાનો મળીને કુલ ૬.૬૧ કરોડ ટન બફર સ્ટોક પડયો છે જે નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં જાહેર વિતરણ પદ્ધતિ મારફત વિતરીત કરાયેલા ૫.૨૦ કરોડ ટનથી વધુ છે. ઘઉં તથા ચોખાનો સ્ટોક એક વર્ષ ચાલે એટલો હોવાનો સુત્રોએ દાવો કર્યો હતો.

વર્તમાન ખાંડ મોસમમાં ખાંડનું ઉત્પાદન ૧લી મે, ૨૦૨૫ના ગયા વર્ષની સરખામણીએ ૧૮ ટકા નીચુ રહ્યં હોવા છતાં, ખાંડના મજબૂત ઓપનિંગ સ્ટોકને કારણે ઓકટોબર સુધી પૂરવઠો થઈ શકે એમ છે. કઠોળની બાબતમાં ૩૫ લાખ ટનના ધોરણ સામે સરકાર પાસે ૧લી એપ્રિલના રોજ ૧૮ લાખ ટનનો બફર હતો. જેમાં તુવેર દાળ અને મગનો જથ્થો સૌથી વધુ રહ્યો હતો. ચણાનો નવો પાક બજારમાં આવવા લાગ્યો હોવાથી કઠોળનો પૂરવઠો જળવાઈ રહેશે તેવી અપેક્ષા વ્યકત કરવામાં આવી હતી. દેશમાં હાલમાં ખાધ્ય તેલનો ૧૭ લાખ ટન જેટલો સ્ટોક છે જે ૨૦થી ૨૨ દિવસ સુધી ચાલી શકે એમ હોવાનું પણ સુત્રોએ ઉમેર્યું હતું.

# હિંમતનગર ખાતે પ્રભારી સચિવશ્રી ડૉ. ટી નટરાજનની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ




આ બેઠકમાં જિલ્લામાં થયેલ કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં હુડા,તારંગા આબુ રોડ બાબત,ધરોઈ ડેવાલોપમેન્ટ પ્રોજેક્ટ, નેશનલ હાઈવેને લગતી બાબતો, પાણીના કનેક્શન બાબત,ફાર્મર રજીસ્ટ્રી સહિત વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલ કામગીરી અંગે વિગતે ચર્ચા કરી હતી. આ બેઠકમાં પ્રભારી સચિવશ્રીએ શરુ વર્ષે આયોજન મંડળમાં સમાવેશ કામોની અમલવારી ઝડપથી કરવાની સાથે વિકાસલક્ષી પેન્ડિંગ કામો સમય મર્યાદામાં પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ બેઠક દરમિયાન વિવેકાધીન હેઠળના નગરપાલિકાના, પ્રોત્સાહકના, ધારાસભ્ય ફંડ, એ. ટી. વી. ટીના પ્રગતિ હેઠળના કામો કયાં તબક્કે કામગીરી ચાલી રહી છે તે અંગેની સમીક્ષા કરી હતી.

આ ઉપરાંત છેલ્લા ત્રણ વર્ષના પ્રગતિ હેઠળના કામોની પણ સમીક્ષા કરાઈ હતી.તેમજ જિલ્લામાં બાકી રહેતી કામગીરી ઝડપથી પૂર્ણ કરવા અનુરોધ કર્યો હતો.આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરા, અધિક કલેક્ટરશ્રી રોહિત ડોડીયા, જિલ્લા પોલીસવડાશ્રી વિજય પટેલ, નિવાસી અધિક કલેક્ટરશ્રી ક્રિષ્ના વાઘેલા, પ્રાયોજના વહીવટદારશ્રી વિશાલ સક્સેના,ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી પાટીદાર, પ્રાંત અધિકારીશ્રી, ડીવાયએસપીશ્રીઓ, મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સહિત જિલ્લાના સંબંધીત વિભાગના અમલીકરણ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસા શહેર ભાજપના નવા વરાયેલા હોદ્દેદારોએ જલારામ મંદિરે દર્શન કરી આશીર્વાદ લીધા..




ડીસા શહેર ભાજપના નવા વપરાયેલા પ્રમુખ ડો.વર્ષાબેન પટેલ, મહામંત્રીઓ રમેશભાઈ મેવાડા, નરસિંહભાઈ વાઢેર, ઉપપ્રમુખ પ્રકાશભાઈ ઠાકોર, મંત્રીઓ ચેતનાબેન ઠક્કર, વીરચંદભાઈ વાવડીયા, રમેશભાઈ ઠક્કર સહિત સૌએ ગુરૂવારે ડીસા જલારામ મંદિર ખાતે દર્શન કરી આશીર્વાદ લીધા હતા.આ અવસરે જિલ્લા મહિલા મોરચાના ઉપપ્રમુખ તેમજ જિલ્લા સનાતન ધર્મ સમિતિનાં મહામંત્રી પૂજાબેન કે.ઠક્કર પણ ઉપસ્થિત રહ્યાં હતાં. સૌનું જલારામ મંદિર ખાતે કંકુતિલક, ફૂલવડી તેમજ સારથી શાનદાર સન્માન કરવામાં આવ્યું હતું.વર્ષાબેન પટેલ, પૂજાબેન ઠક્કર, રમેશભાઈ મેવાડા, નરસિંહ ભાઈ વાઢેર, ચેતનાબેન ઠક્કર સહિત સૌએ સન્માનનો પ્રતિભાવ આપી અત્યંત રાજીપા સાથે ઋણ સ્વીકારની લાગણી વ્યક્ત કરી હતી. જલારામ ભકતો સર્વ કનુભાઈ આચાર્ય, ભગવાનભાઈ બંધુ , કલ્પેશભાઈ -લાલાભાઈ, આનંદભાઈ પી ઠક્કર, પ્રકાશભાઈ મજેઠીયા,દીલીપભાઈ રતાણી, લાલાભાઈ, હિતેશભાઈ સોનપાલ, ભરતભાઈ ગોકલાણી, કનુભાઈ ઠક્કર, ગણપતભાઈ અખાણી, ભરતભાઈ જીવરાણી સહિત ખૂબ મોટી સંખ્યામાં ભાઈઓ બહેનોએ ખાસ ઉપસ્થિત રહી સૌનું સન્માન કર્યું હતું. સૌએ પૂજય જલારામ બાપાની મહાઆરતીમાં ભાગ લઈ આશીર્વાદ લીધા હતા.

# ટેમ્પો ડ્રાઈવર-કલિનરે રાતોરાત માલદાર થવા દૂધના કેનમાં ગટરવારિ ધાબેડવા માંડ્યું !

આ દેશમાં ભેળસેળ કે મિલાવટ કોઇ નવી બાબત નથી. લકસ અન્ડરવેરની જાહેરાતની ભાષામાં કહીએ તો યે 'રાજ કી બાત નહીં હૈ.'શુધ્ધ શબ્દ આગળ અ લગાડી શુધ્ધને અશુદ્ધ કરી નાંખ્યો. શુધ્ધ વસ્તની ખેવના કરવી એ રણમાં ઝાઝવા જોવા જેવું છે.અલબત, એમાં વસ્તુ બનાવનાર કે વેચનારનો વાંક નથી. આપણું પાચનતંત્ર તકલાદી બની ગયું છે. શુધ્ધ પેય કે ખાધ્યપદાર્થ ઉદરમાં પ્રવેશ કરે કે પાચનતંત્ર તેનો વિપક્ષની જેમ વિરોધ કરવા માંડે. કાં તો ઉલ્ટી થાય કાં તો ઝાડા થઈ જાય. જેવો ભેળસેળયુકત ખોરાક જાય કે પાચનતંત્ર પૂરી તાકાત અને સિદતથી તેને પચાવવાના કાર્યમાં જોતરાઈ જાય.

દરેક વખતે મિલાવટનો આશય નફાખોરી હોતો નથી. લગ્ન પ્રસંગમાં મહેમાનોની સંખ્યા વધી જાય એટલે પ્રસંગ સાચવી લેવા દે દામોદર દાળમાં પાણીની ફોર્મ્યુલાનો ઉપયોગ કરે છે. ઘણીવાર દાળ પાણી જેવી પાતળી હોય તો લોટની ગોળી દાળમાં નાંખી દાળને દસ કા દમ જેવી દમદાર બનાવવામાં આવે છે. તમે મિત્રો સાથે મહેફિલ કરવા ભેગા થયા હો..માંડ માંડ કવાર્ટરિયાનો વેંત થયો. દારૂના જથ્થા સામે પ્યાસી પાંચ છ હોય. મોટાભાગના તૃષાત્માઓ નિટ એટલે કે સોડા, આઈસ કે પાણી ઉમેર્યા સિવાય શરાબપાન કરી શકતા નથી..અમારી બખડજંતર ચેનલના માલિક બાબુલાલ બબુચક તો બિયર પણ નિટ પીવાના બદલે ભારોભાર પાણી ઉમેરી બિયર એન્જોય કરે છે!

આ દેશમાં જેટલું દૂધ ઉત્પાદન થાય છે એના કરતા અનેકગણી માત્રામાં દૂધના નામે દૂધતુલ્ય પ્રવાહી ફટકારવામાં આવે છે. કોથળીનું દૂધ સારું આવતું નથી તેવું વિચારી ફાર્મમાંથી દૂધ મંગાવીએ તો તેમાં પણ પાણી ભેળવેલ હોય તો શું કરવાનું? દેશી કે શુધ્ધ ઘીના નામે કરોડો લિટર વનસ્પતિ ઘી અસલી ઘીના દામે પધરાવવામાં આવે છે! તરબૂચને ઈન્જેકશન મારી ગળ્યા મધ જેવા કરવામાં આવે છે. મોંઘા મધના નામે ખાંડની ચાસણી ખરીદીએ તો હેલ્થને કંકોડા ફાયદો થાય? કાજુકતરીને નામે સિંગકતરી ખાઈએ છીએ. જીરૂ જેવું જીરૂ અને વરિયાળી જેવી વરિયાળી પણ નકલી બને છે. ચણાના લોટ એટલે બેસનમાં મકાઈનો લોટ, વટાણાનો લોટ ભેળવવામાં આવે છે. ભેળસેળ રોકવાના તંત્રો પણ શોભાના ગાંઠિયા પુરવાર થયા છે. વણેલા કે ફાફડા ગાંઠિયાના લોટમાં ધોવાનો સોડા વાપરવામાં આવે છે, છતાં ગાંઠિયાના હાટડા ધમધમે છે! સિંગતેલના નામે કેટકેટલા તેલો પેટમાં પધરાવીએ છીએ. ધાટ ઘડ્યા પછી નામરૂપ જૂજવા અંતે તો તેલનો ખેલ હોય એમ નરસૈયો કહી ગયા છે! તેલમાં સિંગતેલનુ એસેન્સ પણ પ્યોર હશે કે કેમ તેની શંકા છે! ધાણાજીરામાં ઘોડાની લાદ, હળદરમાં લોટ અને મરચાંના પાવડરમાં લાકડાનો વ્હેર મિલાવવાની વાત જગજાહેર છે. હવે, તો મરચામાં મકાઈનો લોટ ભેળવવામાં આવે છે. કઠોળ કે અનાજમાં કંકર રૂપી શંકર ભળે એટલે જીવમાં શિવ ભળ્યો ન કહેવાય? દાળમાં લાંગની દાળ ભેળવાય છે, જે આરોગ્ય માટે ખતરનાક છે. ખાધ્યસામગ્રીના નમૂના લે પછી ૬ માસે કે વરસે નમૂના સબસ્ટાન્ડર્ડ હોય તો તેવા વેપારીનું શું ઉખાડી લે છે? કશું જ નહીં.હોતી હૈ, ચલતી હૈ ઔર ચલેંગી. નમૂના તપાસવા પૂરતી ફૂડ લેબોરેટરી કે સ્ટાફ હોતો નથી. તંત્રની નિયત પણ ભેળસેળમાંથી શુધ્ધ લાંચ નિપજાવવાની હોય છે!

એક અમારા કાકા છે. જૂના જમાનામાં રેલવેના સ્ટેશન માસ્તર સીધી ભરતીમાં થયેલ.રેલવેના નોકરિયાતને રેલવેમાં મુસાફરી કરવા ફ્રી પાસ મળે. આ પાસનો પત્ની, પુત્ર, પુત્રી ઉપયોગ કરી શકે. કાકાએ તેની બહેનને પાસ આપ્યો. ચેકિંગમાં પકડાયા. આમ, તો નોકરીથી હાથ ધોવા પડે. રેલવેએ ઉદારતા દાખવી ત્રણ માસ પાસ સસ્પેન્ડ કર્યો. કાકાએ તેની સામે અપીલ કરી. કાકા અપીલ હારી ગયા અને ઘરભેગા થઈ ગયા. કાકાએ ઘરે દૂધનો ધંધો કર્યો. કાકા ગામડેથી અડધું કેન ભરી દૂધ લઈ આવે.પાણીનો હાંડો લઈને કેનમાં પાણી નાંખતા જાય. કાનમાંથી દૂધ ચાખતા જાય, દૂધમાં પાણી નાંખતા જાય. આમ, દૂધનું અડધું કેન પાણી ભરી આખું કરી દે. જો કે, કાકા સારા હતા. કેમ કે, દૂધમાં પાણી ચોખ્ખું નાંખતા હતા.

હમણા એક કિસ્સો ચગ્યો છે.વડોદરાની એક ડેરીનું દૂધ વહન કરતાં ડ્રાઈવર-કલિનરે કારનામું કર્યું છે.જુદી જુદી દૂધમંડળામાંથી દૂધના કેન એકત્રિત કરી ડેરીના ચિલિંગ સેન્ટર પર પહોંચાડવામાં આવે. ત્યાંથી દૂધ ચિલ્ડ કરી મેઈન ડેરીમાં પહોંચાડે.વાહનના ડ્રાઈવર-કલિનરે પૈસાદાર થવા કેનમાંથી ચોખ્ખું દૂધ કાઢી લઈ પાણી ભેળવતા હતા. કહાનીમેં ટવિસ્ટ છે. વાંચકોને આંચકો હવે લાગશે.ડ્રાઈવર-ક્લીનરની જોડી મિનરલ વોટર કે બોટલ વોટર દૂધમાં ભેળવી દૂધને હાઈજેનિક રાખ્યું હોય તો વાંધો નહીં. બળ્યું બે પૈસા કમાતા. બિચારા ગરીબ આ રીતે જ બે પાંદડે થઈ શકે ને? હાજર સો હથિયાર એમ આપણે ત્યાં કહેવાય છે. ટેમ્પો ગટરકાંઠે ઉભો રાખી ગટરનું પાણી દૂધમાં ધાબેડતા હતા! આવું કર્મ કરતા એમનો હાથ ધ્રૂજયો નહીં હોય?રૂહ કાંપી નહીં હોય? ચંદ સિક્કા માટે આવું હીનતમ કૃત્ય?શુધ્ધ દૂધમાં ગટરવારિ મેળવવા એટલે એક માણસમાં ડો જેકિલ અને મિસ્ટર હાઈડ વસતા હોય તેવું લાગે!

આવા માનતાના દુશ્મનને ભગવાન તો ઠીક પણ શૈતાન પણ માફ કરી શકે નહીં. કહે છે કે પૈસા માટે માણસ પતનનું એક પગથિયું ઉતરે એટલે ધડાધડ પતનની સીડી ઉતરી જ જાય! હવે લાગે છે કે દૂધનો પણ ત્યાગ કરવો પડશે, નહિંતર ગટરવારિ પીવાની આદત પાડવી પડશે!

ભરત વૈષ્ણવ

# વી.એસ.હોસ્પિટલમાં ૨૨ સફાઈ કામદારોને વગર કામે વર્ષે ૧.૩૨ કરોડ પગાર ચૂકવાય છે! ધમકીને લીધે અધિકારીઓ ચૂપ



વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ સાથે સંકળાયેલી એનએચએલ મેડિકલ કોલેજમાં હાઉસ કીપિંગનો કોન્ટ્રાક્ટ અંદાજે સાત વર્ષ પહેલા આપવામાં આવ્યો હતો. ત્યારથી સફાઈકામદાર તરીકે નિયમિત નોકરી કરતાં ૨૨ કર્મચારીઓએ કામ કરવાનું લગભગ બંધ જ કરી દીધું છે. કામ કર્યા વિના મહિને અંદાજે ૫૦,૦૦૦ની આસપાસનો કર્મચારી દીઠ પગાર લઈને સંસ્થા પર બોજ વધારી રહ્યા છે. આમ ૨૨ કર્મચારી મળીને મહિને અંદાજે ૧૧ લાખ રૂપિયાની આસપાસનો અને વર્ષે દહાડે એનએચએલ કોલેજની તિજોરી પર ૧.૩૨ કરોડ રૂપિયાનો બોજ વધારે છે. છેલ્લા સાતેક વર્ષથી આ બોજ વેંઢારવામાં આવી રહ્યો છે.દરેક કર્મચારી માટે બાયોમેટ્રિક હાજરી પૂરવી ફરજિયાત હોવા છતાંય આ સફાઈ કામદારો ગમે ત્યારે આવીને રજિસ્ટરમાં સહી કરીને આમતેમ રખડી ખાય છે. ડિપાર્ટમેન્ટના વડા પણ તેમને કોઈ કામ સોંપી શકતા નથી, કારણ કે તેઓ એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદની ધમકી આપીને ડરાવી રહ્યા છે. બીજીતરફ નોકર મંડળ પણ તેમના પક્ષે રહીને મોટા મોટા અધિકારીઓ સામે બાંયો ચઢાવતુ હોવાથી મોટા અધિકારીઓ સફાઈ કામદારોની દરેક હરકત સામે આંખ આડા કાન કરી રહ્યા છે.ડિપાર્ટમેન્ટના વડા કે પછી કોઈ ઉપરી અધિકારી તેમને ખખડાવે તો નોકર મંડળના કલ્પેશ મકવાણા તરત જ તેમનું ઉપરાણું લઈને અધિકારી સાથે બાખડવા પહોંચી જાય છે. તેથી સફાઈ કામદાર પણ નોકર મંડળના હોદ્દેદારોને ખુશ રાખીને તેમનો પગાર લેવાનું ચાલુ રાખવાનું પસંદ કરી રહ્યા છે. પરિણામે આઉટ સોર્સિંગથી કામ કરતાં કોન્ટ્રાક્ટના કર્મચારીઓ મૂંગે મોઢે બધી જવાબદારી અદા કરી રહ્યા છે. તેની સામે કાયમી થઈ ગયેલા સફાઈ કામદાર કામ જ કરતાં નથી.

મ્યુનિસિપલ કમિશનર અને વિજિલન્સ ડિપાર્ટમેન્ટને પણ આ સંદર્ભમાં એક ફરિયાદ આપવામાં આવી છે. એનાટોમી, ફિઝિયોલોજી, ફોરેન્સિક સહિતના ૧૫થી ૨૦ ડિપાર્ટમેન્ટને માટે સફાઈ કામદારો લાયેબિલિટી અને માથાનો દુ:ખાવો બની ગયા છે. ફિઝિયોલોજી ડિપાર્ટમેન્ટના એક સફાઈ કામદાર તો છેલ્લા ૭ વર્ષથી માત્ર હાજરી પૂરીને બહાર ચાલ્યા જાય છે. એનએચએલ કોલેજના સી.સી.ટી.વી. ફૂટેની ચકાસણી કરીને આ હકીકતને જોઈ શકાય છે. તમામ ૨૨ સફાઈ કામદારના સી.સી.ટી.વી. ફૂટેજ અને બાયોમેટ્રિક હાજરીને ચકાસણી કરવાથી આ કૌભાંડ બહાર આવી શકે છે. હોસ્પિટલના સંખ્યાબંધ અધિકારીઓ પણ તેમની દાદાગીરીથી ત્રાસી ગયા છે તેથી તેમનાથી છૂટકારો મેળવવા માગી રહ્યા છે.

# ભારત-પાકિસ્તાન સંઘર્ષ વચ્ચે ગુજરાત સરકારે યોજી ઈમરજન્સી બેઠક, સરહદી સુરક્ષાની કરી સમીક્ષા



પહલગામ હુમલા બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ વધ્યું છે. ભારતમાં પાકિસ્તાન તરફથી થઈ રહેલી ગતિવિધિઓ અને ભારતીય સેનાના વળતા જવાબ બાદ દેશની દરેક સીમાની સુરક્ષા વધારી દેવામાં આવી છે. ગુજરાત રાજ્ય પણ સરહદી વિસ્તાર હોવાના કારણે પરિસ્થિતિને ધ્યાને લઈ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૂચનાથી ગાંધીનગરમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી, જેમાં રાજયની સીમાને લઈને માહિતી મેળવી હતી. આ બેઠકમાં ગૃહ રાજ્ય મંત્રીએ સંબંધિત જિલ્લાના કલેક્ટર તેમજ જિલ્લા પોલીસ વડાઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી અને સ્થાનિક સ્થિતિ વિશે જાણકારી મેળવી હતી. આ સિવાય કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને પેનિક ન થાય તે વિશે ખાસ તકેદારી રાખવા જરૂરી સાવચેતીના પગલા ભરવાની સૂચના અપાઈ હતી.

# બુદ્ધદેવ સર્કલ પાસે યુવાન પર પાંચ શખ્સે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી




ભાવનગર: ભાવનગર શહેરના ખેડૂતવાસ વિસ્તાર ખાતે આવેલ બુદ્ધદેવ સર્કલ પાસે ગુરૂવારે સાંજના ૬.૩૦ કલાકે પાંચ શખ્સે યુવાનને તિક્ષણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા હતા.એસપી સહિતનો પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો.અને યુવાને લોહીલુહાણ હાલતે પોલીસ વાનમાં હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ફરજ પરના તબીબે યુવાનને મૃત જાહેર કર્યો હતો.જયારે પોલીસે એક શખ્સને સ્થળ પરથી ઉઠાવી લીધો હતો.

આ બનાવની પ્રાપ્ત થતી વિગત અનુસાર આ હત્યાના બનાવની વિગતો આપતા ડીવાય.એસ.પી. આર આર સિંઘલ જણાવ્યું હતું કે,શહેરના બુદ્ધદેવ સર્કલ પાસે પ્લોટના પ્રકરણે વિશાલભાઈ બુધાભાઈ વાજા ( ઉ.વ.૨૫ રહે ખેડૂતવાસ,ભાવનગર) ને આ જ વિસ્તાર ખાતે રહેતા રવિ, મહેશ,વલ્લભ ગેરેજવાળા,રાજેશ અને દિનેશ સાથે પ્લોટ બાબતે બોલાચાલી થઈ હતી.તેની દાઝ રાખી ઉપરોક્ત પાંચ શખ્સે વિશાલભાઈને તિક્ષણ હાથિયારના ઘા ઝીંકી દેતાં તેને લોહીયાળ હાલતે હોસ્પિટલ ખસેડાયો હતો. જયાં ફરજ પરનના તબીબે તપાસીને મૃત જાહેર કરતાં બનાવ હત્યામાં પરિણમ્યો છે. જયારે, હત્યાના બનાવને લઈ સમગ્ર ખેડૂતવાસના બુદ્ધદેવ સર્કલ પાસે અફડા તફડીનો માહોલ સર્જાયો હતો.આ ઘટનાની જાણ થતાં એસ.પી.સહિતનો પોલીસ કાફલો સ્થળ પર દોડી ગયો હતો.બનાવ અંગે ઘોઘા રોડ પોલીસે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી છે.વધુમાં ડીવાય.એસ.પી.આર આર સિંઘલ જણાવ્યું હતું કે ,ઘોઘા રોડ પોલીસે રવિ નામના શખ્સને સ્થળ પરથી ઉઠાવી લીધો હતો.અને મૃતકના બેન અને મિત્રએ આ ઘટના નજરે નિહાળી હોવાનું અને સી.સી.ટીવી ફૂટેજ પણ કબ્જે લીધા હોવાનું ઉમેર્યું હતું.

# રાજકોટ બાયપાસ રોડ પર લૂંટ ચલાવનાર પાંચ આરોપી ઝડપાયા



સુરેન્દ્રનગર - સુરેન્દ્રનગર શહેરમાં રાજકોટ બાયપાસ રોડ પર પાંચ શખ્સો દ્વારા લોખંડના પાઈપ, છરી, પથ્થરો સહિતના હથિયારો વડે એક બાઈકચાલકને મારમારી રોકડ રકમની લુંટ ચલાવી હતી.પોલીસે ગુનો નોંધી પાંચેય આરોપીને ઝડપી પાડયા હતા.

રાજકોટ બાયપાસ રોડ પર રહેતા ઉમેશભાઈ વજુભાઈ ઉલવા બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે ખાનગી પાર્ટી પ્લોટ પાસે પાંચ જેટલા શખ્સોએ રોકી લોખંડના પાઈપ, છરી, ચામડાનો પટ્ટો, પથ્થરો બતાવ્યા હતા અને ઉમેશભાઈને પકડી રાખી ખીસ્સામાંથી રોકડ રૂા.૫,૦૦૦ની લુંટ ચલાવી હતી તેમજ રસ્તા પરથી પસાર થતા અન્ય વાહનચાલકોને પણ ઉભા રાખી વાહનોના કાચ તોડી નુકશાન પહોંચાડયું હતું. જેની ફરિયાદ નોંધાતા વઢવાણ પોલીસે લુંટ તેમજ મારમારનાર કૌશીક વિઠ્ઠલભાઈ સોલંકી, યશ હિંમતભાઈ ઉર્ફે પપ્પુભાઈ સોલંકી (બંને રહે.લીમલી), આનંદભાઈ ઉર્ફે આનંદો ઉર્ફે તરૂણ રમેશભાઈ મકવાણા (રહે.જોરાવરનગર), વરૂણ ઉર્ફે અનસુ વિજયભાઈ ચૌહાણ (રહે.ગણપતિ ફાટસર) અને જીગ્નેશ ઉર્ફે જેકી હસમુખભાઈ પારધી (રહે.રતનપર)ને ઝડપી પાડયો હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG:SS:NO. : 142**
વિષય : મનગમતી રચના
શીર્ષક : હું મને
પ્રકાર : પદ્ય    શબ્દો : ૭૭

વસંતની રાહમાં રોજ, ખંખેર્યા કરું છું હું મને.
પાનખરની જેમ હંમેશા, વેર્યા કરું છું હું મને.

તરસ છીપાવા અંતર તણી, વલખાં મારે જીવ,
મૃગજળ બતાવી લોચને, છેતર્યા કરું છું હું મને.

દુઃખ તો મારગ છે, પરમાનંદની સીમ તણું,
સુખની શોધમાં નાહક, વેતર્યા કરું છું હું મને.

ચહેરા ઉપર ચહેરો હસતો, ભીતર દુઃખની ખાણ,
પણ લાગણીની ચાહમાં, ખોતર્યા કરું છું હું મને.

ઠરે નજર ત્યાં મળે "શૈલ", કરમ તણા કાંકરા.
મુસીબતોના હળ વડે, જોતર્યા કરું છું હું મને.

શૈલેષ ભોઈ "શૈલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 334**
વિષયઃ- મનપસંદ
શીર્ષક : છે સખી
પ્રકારઃ-પદ્ય.    શબ્દોઃ- ૪૬
ફૂલ મહેકે છે સખી,
શબ્દ ટહૂકે છે સખી.

જળ ભરીને નીતરે,
આશ છલકે છે સખી.

નભની વચ્ચે આશમાં,
શ્વાસ રણકે છે સખી.

પથ પહોંચે ત્યાં વળી,
પળ તો વલખે છે સખી.
જો હવે તો આવશે,
જીવ મલકે છે સખી.
આવશે "ફાગુ" ફરી
આંખ ફરકે છે સખી.

ડૉ ફાલ્ગુની રાઠોડ 'ફાગ' નવસારી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 182**
વિષયઃ મનગમતી રચના
શીર્ષકઃ તો શું થશે?
પ્રકારઃ પદ્ય    શબ્દોઃ ૮૯

ચાંદ પરનો ડાઘ જો કાજલ થશે તો શું થશે?
આશિકો છે તારલા ધાંધલ થશે તો શું થશે?

ચાંદની ચાહે સૂરજને પણ મિલન એ શક્ય ના,
રાત ને દિન, પ્રેમમાં પાગલ થશે તો શું થશે?

પ્રેમનું આ  દર્દ, દિલનાં દર્દનો ઉપચાર છે,
જો દવાથી દિલ ફરી ઘાયલ થશે તો શું થશે?

મુક્ત પંખી થઈ ઉડુ તારાં હૃદયની કેદમાં,
બેઉ પગની બેડીઓ પાયલ થશે તો શું થશે?

દિલનાં દુશ્મનને સજારૂપે હૃદય આપી દીધું,
જો અદાલતમાં ગુનો બાતલ થશે તો શું થશે?

ઈશ્વરી ડૉક્ટર "ઈશ"  અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**
વિષય : મન ગમતી રચના.....
શીર્ષક : દિલથી મોટુ કોઈ શ્મશાન નથી....
પ્રકાર - પદ્ય    શબ્દો : ૧૧૧

દિલ થી મોટુ કોઈ શ્મશાન નથી....
જીવતા માણસની મૃત લાગણી ને ક્યાંય સ્થાન નથી,
ખરેખર આ દુનિયામાં દિલ થી મોટું કોઈ સ્મશાન નથી.

આંસુના ઊંડા સરોવરો ને વ્યથાના ઊભા ઝાડ સળગે,
ઝાંઝવા ને અફાટ વેદના થી મોટુ કોઈ રેગિસ્તાંન નથી.

સડે છે લાગણીની લાશો ને. ઝૂરે સપનાના હાડપિંજર,
દફન છે જીવતા મુર્દા,હૃદયથી મોટુ કોઈ કબ્રસ્તાન નથી.

લોહિયાળ જખ્મો ને આંસુ ભરી યાદો લઈ ક્યાં ફરશો,
માનવીની વ્યથા ને ઢાંકી શકે એવું કોઈ આસમાન નથી

" મિત્ર " મોહ  માયા છોડી ને પણ ભટકવું પડશે અહીં,
અંતમાં એ સમજાશે કે મોત થી મોટું કોઈ પ્રસ્થાન નથી.

વિનોદ સોલંકી " મિત્ર "  લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 00 51**
વિષય : મનગમતી રચના
શીર્ષક :  કોણ કહે ખોટાને..?
પ્રકાર : પદ્ય  - શબ્દો : ૮૦
અદ્ભુત દુનિયાની શતરંજ
ખોટાને  સત્ય ગણાવે..!
બંધ આંખે માનવી
સાથ આપે ખોટાને..!
સત્યમાર્ગીને સ્વર્ગ હોય
સમજે નહિ માનવી..!
કોણ કહે ખોટાને
તારા કર્મો સ્વાર્થી..!
છોડશે નહિ અકર્મો
કર્મ આધીન હિસાબ..!
નામઃ ઉર્વશી મહેતા.અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 342**
વિષય : મનગમતી રચના
શીર્ષક : બરાબર હતું
પ્રકાર : પદ્ય    શબ્દો : ૫૦

મળ્યા ત્યાં સુધી બરાબર હતું
ગમ્યા ત્યાં સુધી બરાબર હતું

ને પછી તો ચારેકોર ચર્ચાણા,
હસ્યાં ત્યાં સુધી બરાબર હતું

રંગોએ ચાડી ખાધી, ગાલ પર
રંગ્યા ત્યાં સુધી બરાબર હતું

સાચું કહ્યું, મેહફીલમાં તો મર્યા
નમ્યા ત્યાં સુધી બરાબર હતું

તબિયતની જો વાત પૂછો તો,
એ ગયા ત્યાં સુધી બરાબર હતું

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.343**
વિષયઃ- સર્જકની મનગમતી સ્વરચિત રચના
શીર્ષક;- લાખેણી લાગણીની હાટડી
પ્રકારઃ- પધ.   શબ્દોઃ-૭૫

આશા આકાંક્ષાનાં સ્વપ્નો સજાવીને ખોલી મનોમન હૈયે ચાહતની હાટડી,
અરસપરસ  હૈયે હતી ત્યારે હેત પ્રેમની લાખેણી લાગણી,
એકબીજા સાથે  સામે સામે વહેતી હતી સ્નેહ સરિતાની મીઠી સરવાણી.
સ્વાર્થ લાલચનાં પ્રવેશથી થવા લાગી કાંટે વજનથી મમત્વની માપણી,
ભુલાઈ ગઈ સ્મરણીય સ્મૃતિઓને મોહ માયા પ્રપંચથી થઈ મોંઘેરી માંગણી,
મારી તારી થતાં ભુલાઈ ગઈ જે હતી આપણી વાવી  હતી આપણી હાર્દિક લાગણી,
અંધકારમાં અસ્ત થઈ ' ચંદ્ર ' સૂર્ય ઉજ્જવળ થાય  તેવી સ્વાર્થહીન સદા રહે લાગણી આપણી.

' ચંદ્ર ' ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N¨OGSS/0044**
વિષયઃ- મનગમતી સ્વરચિત રચના
શીર્ષક :- સોનેરી વૃધ્ધાવસ્થા.
" જિંદગીમાં ઉગતા સૂર્યનું સૌંદર્ય માણ્યું છે આપે,
જરા અસ્ત થતા સૂર્યનું સૌંદર્ય માણી જુઓ આપ."

જિંદગીમાં અસ્ત થતો સૂર્ય એટલે વૃધ્ધાવસ્થા.

ઉગતો સૂર્ય, નવપલ્લિત વનરાજી, વસંતના વધામણાં આપતો કેસૂડો વગેરે જોઈ મન ડોલી ઉઠે.એનાથી વિરુદ્ધ પરિસ્થિતિમાં પણ આ સૌંદર્ય એટલું જ સુંદર છે જો માણવાની સૂજ હોય.

અસ્ત થતા સૂરજને જોજો, આસપાસ કંકુ વેરાયુ હોય એવી મનોરમ્ય લાલાશ હોય છે તેજ રીતે જિંદગીનો સૂર્યાસ્ત એટલે વૃધ્ધાવસ્થા સોનેરી બનાવવાનું આપણા હાથમાં  છે.

થનગનતી યુવાનીમાં ઠસ્સો ને જુસ્સો કંઈ ઓર જ હોય.જાણે મધ્યાહને તપતો સૂરજ.ધીમે ધીમે જિંદગીના વર્ષો ઘટતા જાય તેમ યુવાની પણ ઘટતી જાય.જિંદગી ઝડપભેર વૃધ્ધાવસ્થા તરફ ડગ ભરવા માંડે.

સમય સમયનું કામ કરે.વર્ષો વિતે એમ ઉંમરમાં એક પછી એક વર્ષ ઉમેરાતું જાય.ઉંમર ઉંમરનું કામ કરે. ઉંમરની અસર તન પર દેખાવા માંડે.શરીર પર કરચલી, માથે ટાલ પડે.કાળા ભમ્મર વાળ ચાંદી જેવા શ્વેત બંને.હાથ-પગ સાથ ન આપે.

કાનમાં મશીન, હાથમાં લાકડી, મોંમાં ચોકઠું,એ બધાં આપણા સાથીદાર બને.સવાર સાંજ લેવી પડતી દવાના સાથને કેમ ભૂલાય? આ બધું વધતી ઉંમરને કારણે છે, એને અને વધતી ઉંમરને તો આપણે ન જ અટકાવી શકીએ.એ આપણા હાથમાં નથી.

જિંદગીના ઝૂજ વર્ષો જ બચ્યા હોય ત્યારે એ બાકી જિંદગીને શાનદાર બનાવવાનું આપણા હાથમાં છે.

મન ઉપર ઉંમરની અસર ન થવા દેવી.મનના માલિક આપણે.મનની ઉંમર વધતી અટકાવવી આપણાં હાથમાં છે એને કોઈ કાળે વૃધ્ધાવસ્થા તરફ ડગ માંડવાની રજા ન આપવી.મન તો હંમેશા તરોતાજા થનગનતું જ રાખવું તો જ આપણે મનગમતું કરી શકીએ.

આ જ તો સમય છે આપણી રીતે જીવવાનો.બધી જવાબદારી પૂર્ણ થઈ ગઈ હોય એટલે આપણાં અધૂરાં અરમાન પૂર્ણ કરવાની શરૂઆત કરો.

ઘરમાં આપણી મદદની જરૂર હોય તો કરવી.બાકીનો સમય મિત્રો સાથે ફરવામાં, પાર્ટીમાં થાય. લેખન, વાંચનનાં શોખ પૂરા કરી શકો. ઈન્ડોર રમતમાં રસ હોય તો તે પણ થાય ?.વૃધ્ધો માટે પણ રમતોની હરીફાઈ થાય છે ભાગ લઈ મનને ખુશ રાખીએ.

રૂપેરી કેશ વાળા પણ કંઈ કમ નથી.આપણી પેઢી આપણને જોઈને શીખશે કે,આપણા વડીલો વૃધ્ધાવસ્થાના રોદણાં ન રડતા કેવી મસ્તીથી જિંદગી માણે છે.

ભલે એવું કહેવાતું હોય કે "ઊમરા તો થયા ડુંગરા કે ઘડપણ કોણે મોકલ્યું?"

આપણે તો કહેવું," મેં તો ડુંગરા બનાવ્યા ઊમરા કે વૃધ્ધાવસ્થામાં મોજથી જીવું."

આમ મસ્તીથી જીવી વૃધ્ધાવસ્થાને સોનેરી બનાવીએ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બીલીમોરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 188**
વિષય : " મનગમતી રચના "
શીર્ષક : " તાળું મારી દીધું "
પ્રકાર :   પદ્ય,    શબ્દો : ૭૪

જે સમય મુખ પર જ તાળું મારી દીધું;
એ કહો દુઃખ પર જ તાળું મારી દીધું;

દુઃખ પુરાણાં યાદ કરતાં રહ્યાં સદા,
મેં જ તો સુખ પર જ તાળું મારી દીધું;

મા પ્રસવ પીડા સહીને પથ્થર જણે,
તો મા એ કૂખ પર જ તાળું મારી દીધું;

બાળપણમાં જ જેનાં માથે આવી ફરજ,
બાળકે ભુખ પર જ તાળું મારી દીધું;

દિલ જે નામે ધબકવાનું જ ચૂકી જતું,
"વ્યોમ" એ ચૂક પર જ તાળું મારી દીધું;

?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"

જેટકો (જીઈબી), મુ. રાપર.

# અપેક્ષા શાહ  વિધિના લેખ




ગુજરાતમાં આવેલું કચ્છનું રણ કે જ્યાં સોમાભાઈનો પરિવાર રહેતો હતો. પુત્ર ભીખુના લગ્ન ભરૂચમાં રહેતા પોતાના જ સમાજના મંગળભાઈની દીકરી ભૈરવી સાથે કર્યા હતા. લગ્નના બરાબરએક વર્ષ બાદ પ્રભુકૃપાથી ભૈરવીએ એક પુત્રને જન્મ આપ્યો હતો. જેનું નામ ઈન્દ્ર રાખવામાં આવ્યું. સમય જતાં લગભગ બે જ વર્ષમાં ભીખુના માતાપિતા મૃત્યુ પામ્યાં. ઈન્દ્રના નસીબમાં કદાચ દાદા-દાદીનો પ્રેમ નહી લખ્યો હોય. હવે, પરિવારમાં કુલ ત્રણ સભ્યો રહ્યાં.

ઈન્દ્રના ભવિષ્યને લઈને ચિંતિત રહેતા ભીખુના પરિવારે કચ્છનું મકાન વેચીને અમદાવાદમાં સ્થાયી થવાનું વિચાર્યું. અમદાવાદ એટલે ગુજરાતનું સૌથી મોટું શહેર. પોતે સ્નાતક હોવાથી શહેરમાં રોજી તો આરામથી મળી જશે એવા વિચાર સાથે આવેલો પરિવાર શાંતિથી પોતાનું ગુજરાન ચલાવતો હતો. ભૈરવી પણ સિલાઈ મશીન ચલાવતી અને થોડી કમાણી કરી લેતી જેથી ભીખુને થોડી ઘણી આર્થિક મદદ થઈ જતી.

ઈન્દ્ર ધોરણ ૯માં આવ્યો ને તે દરમિયાન ભીખુની તબિયત બગડી. ભીખુ બ્લડ કેન્સર જેવી જીવલેણ બીમારીનો શિકાર બન્યો. અમદાવાદની મોટીમોટી હોસ્પિટલોમાં ઈલાજ કરવામાં આવ્યો પરંતુ, ઈન્દ્રનો ધોરણ ૧૦ નો અભ્યાસ પૂરો થાય તે પહેલાં જ તે પિતાને ગુમાવી બેઠો.

હવે પરિવારમાં માતા ભૈરવી અને પુત્ર ઈન્દ્ર સિવાય કોઈ રહ્યું નહી. ઈન્દ્ર ભણવામાં ખૂબ જ હોંશિયાર. માર્ચ મહિનામાં બોર્ડની પરીક્ષા પૂરી થઈ ને પરિણામની રાહ જોવાઈ રહી હતી. મે મહિનાનાં અખબારમાં એસ. એસ. સી.ના પરિણામના સમાચાર આવ્યા.

બીજા દિવસે સવારે પરિણામ જાહેર કરવામાં આવ્યું. ઈન્દ્ર ૮૫% સાથે પરીક્ષામાં પાસ થયો હતો.. માતા અને પુત્રની ખુશીનો પાર ન રહ્યો. બંને રાજીના રેડ થઈ ગયા છે. ઈન્દ્રની ઈચ્છા ડૉકટર બનવાની હતી. માતા ભૈરવી અને પુત્ર ઈન્દ્ર મેરીટ લિસ્ટની રાહ જોઈ રહ્યાં હતાં. બીજા દિવસે મેરીટ લિસ્ટ બહાર પડ્યું, પણ કમનસીબે એ ૮૭% મેરીટથી અટક્યું હતું.

પોતાના એકના એક વહાલસોયા પુત્ર ઈન્દ્રની ઈચ્છા પૂરી કરવાનું વિચારીને માતા ગમે તેટલા પૈસા ખર્ચવા તૈયાર હતી. એ માટે પોતાના ઘરની સામે રહેતા પ્રતિષ્ઠિત વ્યક્તિ દેવશીભાઈને મળીને દેવશીભાઈ એમની લાગવગ લગાવીને પણ ઈન્દ્રને ધોરણ ૧૧ સાયન્સમાં એડમિશન અપાવે તેવી આજીજી કરી.

ઈન્દ્રને ધોરણ ૧૧ સાયન્સમાં એડમિશન મળી ગયું અને ખૂબ જ મહેનત કરવા લાગ્યો કે જેથી એમ.બી.બી.એસ.માં સહેલાઈથી એડમિશન મળી જાય તો માતાની અને પોતાની ડૉકટર બનવાની ઈચ્છા પૂરી થાય. સમય જતાં પ્રથમ, દ્વિતીય પરીક્ષા પૂરી થઈ ને તે શાળામાં પ્રથમ નંબરે ઉત્તિર્ણ થયો.

ઈન્દ્ર અને ભૈરવીએ દેવશીભાઈને મળીને તેમનો ભાવપૂર્વક આભાર માન્યો..

બસ, હવે તો વાર્ષિક પરીક્ષા જ બાકી હતી. ઈન્દ્ર ખૂબ જ તનતોડ મહેનત કરતો હતો.. પરીક્ષા નજીક આવતી હોવાથી આજે ૨૬મી જાન્યુઆરી હોવા છતાં પણ પ્રેક્ટિકલ માટે શાળા ચાલુ રાખવામાં આવી હતી. સવારે ૮:૩૦ વાગ્યે ઈન્દ્ર શાળામાં પહોચીને ફિઝિક્સની લેબમાં ગયો. ઈન્દ્ર પ્રેક્ટિકલ ચાલુ કરે ત્યાં જ ૮:૪૬ વાગ્યે અચાનક મકાન સહિત બધું હલવા માંડ્યું. એને પોતાને ચક્કર આવતા હોય એવી અનુભૂતિ થઈ. કંઈ જ સમજાય એ પહેલાં ભૂકંપની તીવ્રતાથી ઈન્દ્રની શાળાની ઈમારત પત્તાના મહેલની જેમ જમીનદોસ્ત થઈ ગઈ અને શાળામાં પ્રેક્ટિકલ માટે આવેલા દરેક વિદ્યાર્થીઓ કંઈ સહાય મળે તે પહેલાં શાળાનાં મકાન નીચે દબાઈને મૃત્યુ પામ્યાં..

ભૂકંપને લીધે શાળાની ઈમારત ધ્વસ્ત થઈ છે ને આજે શાળામાં પ્રેક્ટિકલ માટે આવેલા બધાં જ વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા છે એવા સમાચાર મળતા ભૈરવીના પગ નીચેથી જમીન સરકી ગઈ. જાણે પોતાના ઉપર દુઃખનો ડુંગર તૂટી પડ્યો. બેબાકળી માતા શાળાએ પહોંચી ને ત્યાં જે નજરે પડ્યું એ જોઈને આક્રંદે ચઢી. એનાં પરિવારમાં અન્ય કોઈ તો રહ્યું જ નહોતું છેવટે ભૈરવી એકલી પડી ગઈ..

શું કરે? કોને કહે? પોતે જ તો દેવશીભાઈને મળીને દીકરાને એડમિશન મળે એ માટે આજીજી કરી હતી ને!

એકવાર તો એવો વિચાર આવ્યો કે, જાણે પોતે જ પોતાના પગ પર કુહાડો માર્યો છે; જેનો પસ્તાવો જીવનભર સાલતો રહેવાનો છે.

જો એણે એડમિશન માટે આગ્રહ રાખ્યો જ ન હોત તો આજે એની આ દશા ના હોત.

પણ, વિધિના લેખને કોણ મીટાવી શકે?

આજે પણ ભૈરવી દર વર્ષે ૨૬ મી જાન્યુઆરીએ તે શાળામાં પોતાના દીકરાને પુષ્પાંજલિ અર્પણ કરવા જાય છે.

અપેક્ષા શાહ
અમદાવાદ.

# આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલની સૂચનાને પગલે રાજ્યની ૫૪૨ એમ્બ્યુલન્સનું સંચાલન ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા કરવાનો નિર્દેશ જાહેર કરાયો




**★પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર થી લઇ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલની સામાન્ય એમ્બ્યુલન્સનું સંચાલન ૧૦૮ સેવા દ્વારા થશે★**

.............

**★આ વર્ષે નવીન ૧૧૯ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ પણ ઉમેરાશે★**

.............

**★હવે ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાહેઠળ રાજ્યમાં કુલ ૧૪૯૯ એમ્બ્યુલન્સ આકસ્મિક પરિસ્થિતિમાં પ્રજાજનોની પડખે રહેશે★**

.............

**★૧૦૮ સેવા દ્વારા છેલ્લા બે વર્ષમાં ૨૮.૬૯ લાખ લોકોને મેડીકલ સેવાઓ પુરી પાડ્વામાં આવી★**

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યના પ્રજાજનો માટેની આકસ્મિક મેડિકલ સેવાઓ વધું સુદ્રઢ બનાવવા મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. આરોગ્ય મંત્રીશ્રીની સૂચનાને પગલે રાજયના સામુહિક આરોગ્ય કેન્દ્રથી લઇ મેડિકલ કૉલેજ સંલગ્ન હોસ્પિટ્લ હસ્તકની સામાન્ય એમ્બ્યુલન્સ પૈકીની ૫૪૨ જેટલી એમ્બ્યુલન્સને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા સંચાલન કરવાનો નિર્દેશ જાહેર કરાયો છે.

દર્દીઓને એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલ(ઇન્ટર-ફેસિલીટી ટ્રાન્સફરૈંહ્લ) ખાતે રેફરલ કરવા તેમજ નજીકના ઇમરજન્સી કેસમાં મદદ કરવા માટે આ તમામ નવીન ૫૪૨ એમ્બ્યુલન્સનો ૧૦૮ સેવા દ્વારા સંચાલન થશે. જેમાં રાજયના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ૧૧૮, સામુહિક આરોગ્ય કેન્દ્રની ૩૧૦, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલની ૫૯, ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલની ૩૧ અને મેડિકલ કૉલેજ સંલ્ગન હોસ્પિટલની ૨૧ મળીને કુલ ૫૪૨ જેટલી નવીન એમ્બ્યુલન્સ હવે ૧૦૮ સેન્ટર દ્વારા કાર્યાન્વિત થશે.

અત્રે નોંધનીય બાબત એ છે કે, રાજયમાં ૧૦૮ એમ્બ્યુલન્સની સેવા હેઠળ કુલ ૮૦૦ છન્જી/મ્ન્જી એમ્બ્યુલન્સ અને ૩૮ આઇ.સી.યુ. ઓન વ્હીલ્સ ઓન રોડ કાર્યરત છે. આ વર્ષમાં નવીન ૧૧૯ જેટલી ૧૦૮ એમ્બુલન્સનો ઉમેરો થતા કુલ ૯૫૭ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ પ્રજાજનોની સેવામાં સમર્પિત થશે.★

વધુમાં આ ૫૪૨ એમ્બ્યુલન્સનું પીઠબળ પણ ૧૦૮ને મળતા હવે રાજયમાં કુલ ૧૪૯૯ જેટલી એમ્બ્યુલન્સ પ્રજાજનોની સેવામાં આકસ્મિક પરિસ્થિતિમાં સેવારત થશે.

રાજયમાં ૫૪૨ એમ્બ્યુલન્સને લોકોની સારવાર માટે મુકવાથી ફાયદા:

● રાજયમાં ૧૦૮સેવા દ્વારા છેલ્લા બે વર્ષમાં ૨૮,૬૯,૧૧૫ જેટલા લોકોને મેડીકલ સેવાઓ પુરી પાડેલ છે. જેમાં હવે રાજયમાં ૫૪૨ એમ્બ્યુલન્સોનો ઉમેરો થતાં કુલ ૧૪૯૯ એમ્બ્યુલન્સ મેડિકલ ઈમરજન્સીને વધુ સુદ્રઢ બનાવવા કાર્યક્ષમ સાબિત થશે.

● ઈમરજન્સી કેસ આંતર-સુવિધા ટ્રાન્સફરના હાલના રોજીંદા ૩૫૦ થી ૪૦૦ જેટલા કેસોનું કાર્યભારણ રહે છે. હાલમાં રિસ્પોન્સ ટાઈમ રૂરલ એરીયામાં ૨૧.૦૪મિનીટ અને અર્બન માં ૧૧.૨૬ મિનીટ છે. જેમાં ૫૪૨ એમ્બ્યુલન્સના કાફલો ઉમેરાતા ગુજરાત રાજ્યના હાલના સરેરાશ ૧૬.૫ મિનીટના રિસ્પોન્સ ટાઈમને ઘટાડી સરેરાશ ૧૦.૦૦ મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમ સિદ્ધ કરવાનો લક્ષ્યાંક છે.

● સ્માર્ટ રેફરલ સિસ્ટમ (જીઇજી) થકી ઈન્ટીગ્રેશન કરી તમામ ગંભીર દર્દીઓના પરિવહન/આંતરપરિવહનનું યોગ્ય ટ્રેકિંગ થઈ શકશે અને યોગ્ય સમયે યોગ્ય દર્દીને યોગ્ય હોસ્પિટલ ખાતે પહોંચાડવાની સક્ષમ વ્યવસ્થા સુનિશ્ચિત થશે.

● ૫૪૨ એમ્બ્યુલન્સોની સેવાઓ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ હતી જેને ૧૦૮ મારફત સેવામાં મુકવાથી વાહન સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરી મહત્તમ ઉપયોગ કરી શકાશે, જેનાથી સામાન્ય/ગંભીર ઈમરજન્સી તેમજ હોસ્પિટલથી અન્ય હોસ્પિટલ ખાતે દર્દીની રેફરલ સુવિધા બંને પ્રકારની જરૂરિયાતો માટે એમ્બ્યુલન્સ-વાહનો સહેલાઈથી લોકોને ઉપલબ્ધ થશે.

● ૫૪૨ એમ્બ્યુલન્સોમાં પ્રિહોસ્પિટલ કેર માટે એક સમાન જીઁજ પ્રોટોકોલ મુજબ એકસમાન દવાઓ, વપરાશની વસ્તુઓ, તાલીમબધ્ધ કર્મચારીઓ અને મેડિકલ સાધનો સાથેની એક સમાન વ્યવસ્થા તમામ એમ્બ્યુલન્સોમાં ગંભીર દર્દીને હોસ્પિટલ ખાતેથી આંતર-સુવિધા ટ્રાન્સફર તેમજ ઘટના સ્થળેથી હોસ્પિટલ પરિવહન દરમિયાન સાતત્યપૂર્ણ અને ઉચ્ચ-ગુણવત્તાવાળી સંભાળ સુનિશ્ચિત કરશે.

● દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારોમાં ઈમરજન્સી સેવા માટે એમ્બ્યુલન્સની ઉપલબ્ધતા વધવા પામશે અને ગ્રામીણ વિસ્તારમાં પણ ઝડપથી લોકોને એમ્બ્યુલન્સ ઉપલબ્ધ થશે.

● રીયલ-ટાઇમ ડેટા અને સંયુક્ત, સંકલિત વ્યાપક કામગીરી વિશ્લેષણ ભવિષ્યના સંસાધન ફાળવણી અને સિસ્ટમ સુધારણા માટે નિર્ણય લેવામાં સક્ષમ બનાવશે. અને તમામ એમ્બ્યુલન્સોને રીઅલ-ટાઇમ લોકેશન મુવમેન્ટ મોનિટરિંગ માટે ય્ઁજી ટ્રેકિંગ ઉપકરણોથી સજ્જ કરેલ હોવાથી કાર્યક્ષમતામાં સુધારો થશે.

● હાલમાં ૧૦૮ સિસ્ટમનું સે?ન્ટ્રલાઈઝ કંટ્રોલ તથા સી.એમ ડેશબોર્ડ સાથે જોડાણ થયેલ છે જેથી ડિઝાસ્ટર કે અપેડેમિક જેવી ઘટનાઓમાં રાજ્ય કક્ષાએથી વધુ અસરકારક રીતે સંકલન સાથે અમલીકરણ કરી શકાય છે.

● રાજયમાં દર્દીઓની સારવાર માટે ઉપયોગમાં લેવાતી એમ્બ્યુલન્સ સેવાઓમાં હવેથી તમામ પ્રકારની માહિતી એક જ સંસ્થા ૧૦૮ ઈસ્ઇૈં ય્ઉઁજી પાસેથી કયા પ્રકારના દર્દીઓને રીફર કરેલ તે અંગેની જાણકારી મળી રહેશે.

★રાજયમાં હાલની ૧૦૮ ઈમરજન્સી સેવાના પ્રોટોકોલ, તાલીમબધ્ધ, મેનપાવર, ઓપરેશનલ સંચાલનની કાર્યપ્રણાલી સાથે કુલ ૫૪૨ એમ્બ્યુલન્સને ૧૦૮ સેવા હેઠળની આ વ્યવસ્થાને ઓપરેશનલ કરવા રાજ્ય સરકારશ્રી દ્વારા વાર્ષિક ૧૦૪.૭૭ કરોડના બજેટનું આયોજન પણ કરવામાં આવેલ છે.

## સુરત પાલિકાની બેદરકારી, દુકાનદારને લાભ કરાવવા વૃક્ષો કાપી નાખ્યા

સુરત પાલિકા દ્વારા દર વર્ષે જૂન મહિનામાં વૃક્ષારોપણ કરે છે અને લાખો રુપિયા વૃક્ષારોપણ પાછળ ખર્ચે છે. પરંતુ કેટલાક લોકો પોતાની દુકાન કે મિલકત બહાર પોતાના અંગત સ્વાર્થ માટે વૃક્ષો કાપી નાંખે છે. આવી જ એક ફરિયાદ પાલિકાના રાંદેર ઝોનના અડાજણ વિસ્તારમાં થઈ છે. જ્યાં દુકાનદારને લાભ કરાવવા માટે આખું વૃક્ષ થડમાંથી કાઢી નાખવામાં આવ્યું ફોટા સાથે ફરિયાદ કરવામાં આવી છે.

સુરત પાલિકા દ્વારા પર્યાવરણની જાળવણી માટે દર વર્ષે શહેરમાં લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ કરે છે. પરંતુ ત્યાર બાદ કાળજી લેતી ન હોવાથી કેટલાક તત્વો દ્વારા પાલિકાએ રોપેલા વૃક્ષોનું આડેધડ છેદન કરવામાં આવી રહ્યું છે. તેમાં કેટલીક વખત પાલિકાના કર્મચારીઓ પણ વિલનની ભૂમિકા આવીને હેવી ટ્રિમિંગ કરી દેતા હોવાની ફરિયાદ થઈ રહી છે.

સુરતના એક માજી કોર્પોરેટરે રાંદેર ઝોનને ફરિયાદ કરી છે કે, અડાજણ રંગીલા સર્કલ મહાલક્ષ્મી મંદિર પાસે અસંખ્ય વૃક્ષોનું હેવી ટ્રિમિંગ કરવામાં આવ્યું છે અને એક દુકાનદાર ને લાભ કરાવવા માટે આખું વૃક્ષ થડ માંથી કાપી નાખવામાં આવ્યું છે. આવી વિવાદી કામગીરી માટે પાલિકાના ગાર્ડન વિભાગના કર્મચારી- અધિકારીઓ જવાબદાર છે. આ ઉપરાંત એક દુકાન બહાર તો આખું વૃક્ષ કાપી નાખવામાં આવ્યું છે. આવી રીતે વૃક્ષો કાપી પર્યાવરણને નુકસાન પહોંચાડનારા કર્મચારીઓ અને દુકાનદાર સામે પગલાં ભરવા માંગણી થઈ છે.

## પાટણમાં બાળકી સાથે દુષ્કર્મના કેસમાં સિક્યુરિટી ગાર્ડને સજા

પાટણની એક સોસાયટીમાં ૧૧ વર્ષની બાળકી સાથે જાતીય સતામણી કરવાના કેસમાં સિક્યુરિટી ગાર્ડને સજા ફટકારવામાં આવી છે. આરોપી રામદેવભાઈ ઉર્ફે રામભાઈ મફતલાલ પંચાલ (૫૦)ને પાટણની સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ સુનિલ એમ. ટાંકે દોષિત ઠેરવ્યો છે.

કોર્ટે આરોપીને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ સજા ફટકારી છે. કલમ ૯(એમ) અને ૧૦ હેઠળ ૫ વર્ષની સખત કેદ અને ૨૦,૦૦૦નો દંડ, કલમ ૭ અને ૮ હેઠળ ૩ વર્ષની કેદ અને ૨૦,૦૦૦નો દંડ તેમજ કલમ ૧૧(દ્વૈ), ૧૨ અને ૧૮ હેઠળ ૩-૩ વર્ષની કેદ અને ૫,૦૦૦-૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે. દંડની રકમ ન ભરે તો વધુ ૬-૬ માસની સજા થશે. કોર્ટે ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ પીડિત બાળકીને વળતર તરીકે ચૂકવવાનો આદેશ કર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો પાટણ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પીડિતાને વળતર અપાશે.

૨૨ પાનાના ચુકાદામાં કોર્ટે નોંધ્યું કે બનાવ સમયે પીડિતા ૧૨ વર્ષથી નાની હતી. આરોપીએ બાળકી સાથે જાતીય સતામણી અને શારીરિક અડપલાં કર્યા હતા. તેણે પીડિતાને એકથી વધુ વાર પોતાની પાસે બોલાવીને ગુનો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ કેસમાં સરકારી વકીલ જીતેન્દ્ર જે. બારોટે રજૂઆત કરી હતી.

## યુદ્ધની સ્થિતિને પગલે ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય:આરોગ્ય કર્મચારીઓની તમામ રજાઓ રદ, હેડક્વાર્ટર છોડવા પર પ્રતિબંધ




ભારત-પાકિસ્તાન વચ્ચે વર્તમાન તણાવપૂર્ણ સ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. સરકારે આરોગ્ય વિભાગના તમામ કર્મચારીઓની રજાઓ રદ કરી છે.આ નિર્ણય ભારત દ્વારા પાકિસ્તાનમાં ૯ સ્થળો પર કરવામાં આવેલી એર સ્ટ્રાઇક બાદ લેવામાં આવ્યો છે. એર સ્ટ્રાઇકમાં ૧૦૦થી વધુ આતંકવાદીઓના મોત થયા હતા. આ પહેલા રાજ્ય સરકારે પોલીસ કર્મચારીઓની રજાઓ પણ રદ કરી હતી.સરકારે જારી કરેલા પરિપત્રમાં સ્પષ્ટ કર્યું છે કે આરોગ્ય સેવા આકસ્મિક અને આવશ્યક સેવા છે. વર્તમાન પરિસ્થિતિમાં આરોગ્ય સેવાઓ સતત ચાલુ રહે તે જરૂરી છે. આ હેતુથી તમામ તબીબો, પેરામેડિકલ અને અન્ય કર્મચારીઓની માંદગીની રજા સિવાયની તમામ રજાઓ રદ કરવામાં આવી છે.જે કર્મચારીઓ રજા પર છે તેમને તાત્કાલિક ફરજ પર હાજર થવા આદેશ આપવામાં આવ્યો છે. વિભાગના વડાની પૂર્વ મંજૂરી વિના કોઈપણ કર્મચારીને હેડક્વાર્ટર છોડવાની મનાઈ ફરમાવવામાં આવી છે. આ આદેશ નવા હુકમ સુધી અમલમાં રહેશે.

## અમદાવાદથી ૭૫ નવી એમ્બ્યુલન્સ કચ્છ, જામનગર અને દ્વારકા રવાના

ભારત અને પાકિસ્તાન વચ્ચેની તણાવ ભરી સ્થિતિને લઈને હાલ ગુજરાત એલર્ટ મોડમાં છે. ગાંધીનગરમાં આજે (૯ મે, ૨૦૨૫) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નેતૃત્વમાં સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટરમાં બેઠક મળી હતી. મુખ્યમંત્રીએ પ્રવર્તમાન સ્થિતિમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોના વરિષ્ઠ સચિવો અને સંબંધિત જિલ્લાના વહીવટી વડા, પોલીસ તંત્ર વગેરે સાથે સમીક્ષા બેઠક કરી હતી. સુરક્ષાને ધ્યાને રાખીને ગુજરાતના સરહદી ગામોમાં સુરક્ષાદળોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ સાથે ભુજ એરપોર્ટને સેનાને હવાલે કરી દેવામાં આવ્યું છે. તો સોશિયલ મીડિયોમાં અફવા અને સેનાનું મનોબળ તૂટે ટેવી પોસ્ટ કરનારા ચાર લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ઇમર્જન્સીને પહોંચી વળવા રાજ્યના આરોગ્ય વિભાગ હસ્તકની આરોગ્યલક્ષી સેવાઓ સાથે સંકળાયેલા તમામ તબીબો, પેરામેડિકલ તથા અન્ય અધિકારી-કર્મચારીઓની માંદગી સિવાયની તમામ પ્રકારની રજાઓ રદ કરવામાં આવી છે. તેમની ફરજ પર તાત્કાલિક હાજર થવા આપ્યો છે. આ ઉપરાંત હેડક્વાર્ટર ન છોડવા આદેશ કરાયો છે. આ સાથે આરોગ્ય વિભાગ દવાઓનો પૂરતો સ્ટોક, ડોકટરોની ટીમો, લાઈટ કટ થાય તો જનરેટરોની વ્યવસ્થા કરવા સહિતની સૂચનાઓ આપી દેવામાં આવી છે.

# હારીજ-સમી હાઈવે પર અકસ્માતમાં બેના મોત:વરસાદી માહોલમાં ટ્રક-બોલેરો વચ્ચે ટક્કર થતાં બોલેરોમાં સવાર બે લોકોના ઘટનાસ્થળે જ મોત







હારીજ-સમી હાઈવે પર કઠિવાડા ગામ નજીક વહેલી સવારે એક ગંભીર અકસ્માત સર્જાયો છે. વરસાદી વાતાવરણ વચ્ચે ટેમ્પો ટ્રક અને બોલેરો ગાડી વચ્ચે થયેલા અકસ્માતમાં બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો છે.અકસ્માતમાં મૃત્યુ પામનાર બંને વ્યક્તિઓ બોલેરો ગાડીમાં સવાર હતા. એક વ્યક્તિ ગાડી ચલાવી રહ્યો હતો અને બીજી વ્યક્તિ તેની બાજુની સીટ પર બેઠી હતી. અકસ્માતની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકત્રિત થયા હતા.પોલીસને જાણ કરવામાં આવતા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા અકસ્માતનું કારણ અને વધુ વિગતો જાણવાની કાર્યવાહી ચાલુ છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.